
# શ્રી આનંદ કલ્યાણ

વિ.સ. ૨૦૭૪, ચૈત્ર વદ - ૧ • તા. ૧ એપ્રિલ, ૨૦૧૮ • અંક : ૯

9



શેઠ આણંદજી કલ્યાણજી

અમદાવાદ

શ્રી શત્રુંજય તીર્થાધિપતિ

# શ્રી આદિનાથ દાદાની ૫૦૦મી સાલગીરી

ના ઉપલક્ષમાં

## ૫૦૦મી સાલગીરી પ્રસંગ

સંવત ૨૦૮૭ વૈશાખ વદ-૬ સોમવાર તા.૧૨-૫-૨૦૩૧

## શેઠ આણંદજી કલ્યાણજી પેઢી

## દ્વારા પ્રસ્તુત લાભ લેવાનો સુવર્ણ અવસર એટલે....

## "સુવર્ણ મહોત્સવ અવસરે આયોજિત સર્વ સાધારણ ફંડ"

૧૫ વર્ષ પછી આવનારા


સુવર્ણ મહોત્સવમાં આપણો લાભ કેમ ન હોય ?

બસ ! આજથી ફકત ૧ રૂપિયો પ્રતિદિન

૧ વર્ષ ના રૂા. ૩૬૦, ૧૫ વર્ષના રૂા. ૫૪૦૦.

'શેઠ આણંદજી કલ્યાણજી' નામનો એકાઉન્ટપેયી ચેક / રોકડ, ભારતની કોઈપણ એચ.ડી.એફ.સી. બેંકની શાખામાં સેવિંગ્સ એકાઉન્ટ નં. 50100185224400 માં ભરી શકાશે. ચેક ભર્યાની પે-ઈન- સ્લીપ પેઢીના અમદાવાદના સરનામે આપના નામ, સરનામા, મોબાઈલ નંબર, ઈ-મેઈલ એડ્રેસ સહિત વિગતે ફોર્મ ભરી મોકલી આપી દાનની રસીદ અવશ્ય મેળવવી.

આ માટેના ફોર્મ શેઠ આણંદજી કલ્યાણજી પે. સંચાલિત બધાજ તીર્થોમાં ઉપલબ્ધ છે. તેમજ www.anandjikalyanjipedhi.org વેબસાઈટ ઉપરથી પણ ડાઉનલોડ કરી શક



શેઠ આણંદજી કલ્યાણજી પેઢીનું મુખપત્ર
(ધાર્મિક ધર્માદા ટ્રસ્ટ રજી નં. એ-૧૨૯૯/અમદાવાદ)

# શ્રી આનંદ કલ્યાણ

વર્ષ : ૩ અંક : ૯ મૂલ્ય : ૨૦ વાર્ષિક લવાજમ : ૧૦૦

### શત્રુંજયનો મહિમા

**जस्स सयाई कप्पे, वक्खाए झाइए सुए सरिए ।**
**होइ सिवं तइअ भवे, तं महातित्थं ॥ ३६ ॥**

જે તીર્થના મુખ્ય કલ્પનું નિરંતર વ્યાખ્યાન, ધ્યાન, શ્રવણ કે સ્મરણ કરવાથી ત્રીજે ભવે મોક્ષ થાય છે તે શ્રી શત્રુંજય મહાતીર્થ જયવંત વર્તો.॥ ૩૬ ॥

**जल जलण जलहि रण वण हरि करि विस विसहराइ दुट्ठभयं ।**
**नासइ जं नामसुई, तं सत्तुंजय महातित्थं ॥ ३७ ॥**

જેના નામનું શ્રવણ (કે સ્મરણ) જળ, અગ્નિ, સમુદ્ર, રણ, વન, સિંહ, હાથી, વિષ, અને વિષધર આદિના દુષ્ટ ભયનો નાશ કરે છે તે શ્રી શત્રુંજય મહાતીર્થ જયવંત વર્તો. ॥ ૩૭ ॥

'શ્રી શંત્રુજય તીર્થ સોહામણું' પુસ્તકમાંથી

: પ્રકાશક :
શેઠ આણંદજી કલ્યાણજી
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,
૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

'શ્રી આનંદ કલ્યાણ' (ત્રિમાસિક પત્ર)

વર્ષ : ૩ | અંક : ૯

પ્રકાશન

વિ.સં. ૨૦૭૪, ચૈત્ર વદ ૧, તા. : ૧-૦૪-૨૦૧૮, રવિવાર

પ્રકાશક :

મહેન્દ્ર શાહ (મેનેજર)

શેઠ આણંદજી કલ્યાણજી, શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,

૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭

ફોન : ૨૬૬૪૪૫૦૨ – ૨૬૬૪૫૪૩૦

E–mail : shree_sangh@yahoo.com /

info@anandjikalyanjipedhi.org

Website : www.shethanandjikalyanjipedhi.org

મુદ્રક : નવનીત પ્રિન્ટર્સ (નિકુંજ શાહ) મો. : ૯૮૨૫૨ ૬૧૧૭૭

---

શાશ્વતગિરિરાજ શ્રી શંત્રુજય મહાતીર્થના સાંનિધ્યમાં પાલીતાણા ખાતે

**વર્ષીતપના પારણા**

**મંગલ દિવસ** : વૈશાખ સુદ ૩, બુધવાર ૧૮-૪-૨૦૧૮ આ વરસે મહામંગલકારી શ્રી આદિશ્વર ભગવાનના દીક્ષાતપના પ્રતીકરુપે સકળ સંઘમાં કરાતા વર્ષીતપના તપસ્વીઓને પારણા કરવાનો લાભ

**એન્ટવર્પ-બેલ્જીયમ જૈન સંઘના વરસીતપના આરધક ભાઈ બહેનોએ લીધો છે.**

# શ્રી ગિરનાર મહાતીર્થ પરિચય

ગિરનાર પર્વત જૂનાગઢ શહેરથી પૂર્વમાં ૫ કિલોમિટરના અંતરે આવેલો છે. (અમદાવાદથી દક્ષિણ પશ્ચિમ દિશામાં) દરિયાઈ સપાટીથી ૧૧૧૮ મીટર ઉંચાઈ ધરાવતા આ ગરવા ગઢ ગિરનાર પર અહીં સરેરાશ વરસે ૭૭૫ મિલિમિટરનો વરસાદ થતો હોય છે. ગિરનારનું તાપમાન ડિસેમ્બર થી ફેબ્રુઆરી દરમ્યાન ઓછામાં ઓછું ૧૬ ડિગ્રી સેલ્સિયસ અને વધારેમાં વધારે ૨૮ ડિગ્રી સેલ્સિયસ રહેતું હોય છે.

નજદીકનું વિમાન સ્થળ કેશોદ જે ૪૦ કિલોમીટરની દૂરી ઉપર થાય છે. જ્યારે રાજકોટ એરપોર્ટ ૧૦૦ કિલોમીટરની દૂરી ઉપર આવેલું છે. નજદીકનું આંતર રાષ્ટ્રીય વિમાન સ્થળ અમદાવાદ (૩૧૫ કિલોમીટર) છે.

રેલ્વે રસ્તે તથા સડક રસ્તે જુનાગઢ ગિરનાર વાયા અમદાવાદ ભારતના તમામ મોટા શહેરોથી જોડાયેલ છે.

પર્વતોના સમૂહ તરીકે ઓળખાતાં ગિરનારનું ઊંચુ શિખર ૯૪૫ મિટર એટલે કે ૩૬૦૦ ફૂટ છે, જે ગુજરાતમાં સહુથી ઊંચું છે. પર્વતની તળેટી ગિરનારની તળેટીથી ઓળખાય છે. અને તે જૂનાગઢથી માત્ર ૫ કિમી. અંતરે આવેલી છે.

ગિરનાર ઉપર ચઢવા માટે પથ્થરોથી બનેલા પગથિયાનો રસ્તો બધા માટે છે. અંદાજે આઠ હજાર જેટલા પગથિયા છે. આમતો આ પર્વતના ૯૯૯૯ પગથિયા હોવાની વાતો પણ પ્રચલિત છે. તળેટીથી ઉપર ચડવાની શરૂઆત કરીએ પછી બેથી ત્રણ કલાકમાં ૪૦૦૦ પગથિયા ઉપર પહોંચ્યા પછી સપાટ વિસ્તારમાં જૈન દેરાસરનો વિશાળ સમૂહ આવે છે.

મોટાભાગના લોકોને ગિરનાર પર્વત પર ચડતા ૫થી ૭ કલાક થતા હોય છે, જ્યારે જૂનાગઢ વિસ્તારના લોકો તો ૪૨/૪૩ મિનિટમાં પહાડ ચડવાનો દાવો કરતાં હોય છે.

રેલ્વે રસ્તે જૂનાગઢ રાજકોટ, અમદાવાદ, જામનગર, ભૂજ, દ્વારકા, સોમનાથ પાલીતાણા, સૂરત, વડોદરા, પોરબંદર થી જોડાયેલું છે. આ બધા સ્થળોએથી જૂનાગઢ આવવા માટે સરકારી તથા ખાનગી વાહનો મળી શકે છે.

ગિરનાર મહાતીર્થની તળેટીમાં શ્રી આદિનાથ ભગવાનના જિનાલયમાં દર્શન કરી ગિરનારના પ્રવેશદ્વારથી અંદર ડાબા હાથ ઉપર ચડાવ હનુમાનનું મંદિર આવે છે. જ્યારે જમણી બાજુ પોલીસચોકીની બાજુમાં બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથ ભગવાનનં ચરણપાદુકાની દેરી આવે છે. તે વિશા શ્રીમાળી શ્રાવક લખમીચંદ પ્રાગજીએ બંધાવી હતી. જેમાં શ્રી નેમિપ્રભુના પૂર્વાભૂમુખ ચરણપાદુકા અને શાસન તથા તીર્થના અધિષ્ઠાયિકા શ્રી અંબિકાદેવીની પ્રતિમા પબાસણની દિવાલમાં પધરાવવામાાં આવેલી છે.

ગિરનાર મહાતીર્થની યાત્રાનો પ્રારંભ કરતાં પહેલાં યાત્રિકો આ દેરીના દર્શન કરી યાત્રા નિર્વિઘ્ન પાર પડે તે માટે તીર્થની અધિષ્ઠાયિકા અંબિકાદેવીને વંદના તથા પ્રાર્થના કરે છે.

ગિરનારની યાત્રામાં સુગમતા માટે વિ.સં. ૧૨૧૨માં આંબડ શ્રાવકે સુવ્યવસ્થિત પગથિયા બંધાવ્યા હતા. ત્યારબાદ અવસરેઅવસરે તેનો ઉદ્ધાર થયો હોવાના લેખો જોવા મળે છે.

૩૮૦૦ પગથિયા ચડ્યા બાદ ઉપરકોટનાં કિલ્લાનો દરવાજો આવે છે, તેને દેવકોટ પણ કહેવામાં આવે છે, તે દરવાજાની ઉપર નરશી કેશવજીએ માળ બંધાવ્યો હતો. જેમાં હાલ વનસંરક્ષણ વિભાગની ઓફીસ જોવામાં આવે છે. આ કિલ્લાના મુખ્યદ્વારથી અંદર પ્રવેશ કરતાં ડાબી બાજુ શ્રી હનુમાનની દેરી તથા જમણી બાજુ કાલભૈરવની દેરી આવે છે.

અતિ પ્રાચિન આ ગિરનાર તીર્થના અનેક ઉદ્ધારો થયેલા છે. વર્તમાનમાં આ મહાન તીર્થનો જિર્ણોદ્ધાર કરાવાની પુરેપુરી આવશ્યકતા હતી. તેવા સંજોગોમાં સંવત-૧૯૭૯ (ઈસ્વીસન ૧૯૨૩)ની સાલમાં તપગચ્છની પરંપરાના મહાન આચાર્ય ભગવંત શ્રી વિજયનીતિસૂરીશ્વરજી મહારાજના ઉપદેશથી આ તીર્થનો જીર્ણોદ્ધાર થયો હતો.

## નેમિનાથ ભગવાનની ટૂંક

આ જિનાલયમાં મૂળનાયક તરીકે ૬૧ ઈંચના શ્રી નેમિનાથની પ્રતિષ્ઠા નેમિનાથ ભગવાનના નિર્વાણના ૨૦૦૦ વર્ષ બાદ કાશ્મીરથી સંઘ લઈને આવેલા રત્નસાર(રત્નાશા) નામના શ્રાવક દ્વારા શાસન અને ગિરનાર તીર્થાધિષ્ઠાયિકા અંબિકાદેવીની દિવ્યસહાયથી પ.પૂ. આચાર્ય આનંદસૂરિ મહારાજ સાહેબની પાવનનિશ્રામાં લગભગ ૮૪૭૯૦ વર્ષ પૂર્વે થયેલ છે.

પ.પૂ. આચાર્ય ધનેશ્વરસૂરિ મહારાજ સાહેબ વિરચિત શત્રુંજય માહત્મ્ય ગ્રંથના આધારે આ મૂળનાયક શ્રી નેમિનાથ ભગવાનની પ્રતિમા ગતચોવીસીના સાગર નામના ત્રીજા તીર્થંકર પરમાત્માના કાળમાં પાંચમા દેવલોકના બ્રહ્મેન્દ્ર દ્વારા તૈયાર કરાવવામાં આવી હતી.

શત્રુંજય માહાત્મ્યમાં દર્શાવેલ નેમિનાથ પ્રભુના વચનાનુસાર આ પ્રતિમા આ જ સ્થાને પાંચમા આરાના છેડા સુધી અહીં જ પૂજાશે પછી શાસનદેવી અંબિકા દ્વારા પાતાળલોકમાં લઇ જઈ ત્યાં પૂજાશે.

આ જિનાલયનું નિર્માણ રાજગચ્છના સદા એકાંતરે ઉપવાસતપની આરાધના કરતા પ.પૂ. આચાર્ય ભદ્રેશ્વરસૂરિ મહારાજ સાહેબના ઉપદેશથી વિ.સં. ૧૮૮૫ માં પાટણનરેશ શ્રી સિદ્ધરાજ જયસિંહના મહામંત્રી સજ્જન દ્વારા થયેલ છે. પૂર્વે વિમલરાજાએ નિર્માણ કરેલ કાષ્ઠના જિનાલયનો પાયામાંથી ઉદ્ધાર કરી આ જિનાલયનું નિર્માણ થયું હતું.

આ જિનાલયનો ચોક લગભગ ૧૯૦ ફુટ × ૧૩૦ ફુટનો છે. જેમાં જિનાલયની ફરતી ભમતીમાં ૮૪ દેરીઓ આવેલી છે જેમાં પ્રભુજીની પ્રતિમાઓ - પગલાં, ગુરૂભગવંતોની મૂર્તિ, નેમિનાથ ભગવાનના નવભવનું દર્શન કરાવતાં અત્યંત નયનરમ્ય પટ, શ્રી નંદીશ્વરદ્વીપ-સમેતશિખર તીર્થના પટ તથા શાસનના અધિષ્ઠાયક દેવ-દેવીની મૂર્તિઓ બિરાજમાન છે. ભમતીમાં એક ભોંયરામાં સંપ્રતિકાલીન પ્રગટપ્રભાવક અમીઝરા પાર્શ્વનાથ ભગવાનની ૬૧ ઈંચની અત્યંત મનોહારિણી મૂર્તિ બિરાજમાન છે.

આ જિનાલયનો મુખ્ય રંગમંડપ લગભગ ૪૪.૬ ફુટ × ૪૧.૬ ફુટનો છે, જેમાં પ્રભુજીની પ્રતિમાઓ બિરાજમાન છે, આ રંગમંડપની આગળ

લગભગ ૩૮ ફુટ × ૩૧ ફુટના બીજા રંગમંડપના મધ્યભાગમાં ગણધર ભગવંતોના લગભગ ૮૪૦ પગલાંની જોડ બે જુદી જુદી ગાદી ઉપર સ્થાપિત કરેલ છે તથા આજુબાજુ પ્રભુજીની પ્રતિમાઓ બિરાજમાન કરેલ છે.

## જગમાલ ગોરધનનું જિનાલય :

આ જિનાલયમાં મૂળનાયક ૩૧ ઈંચના આદિનાથ ભગવાન બિરાજમાન છે. જેની પ્રતિષ્ઠા વિ.સં. ૧૮૪૮ ના વૈશાખ વદ – ૬ ના શુક્રવારે પોરવાલજ્ઞાતીય શ્રી જગમાલ ગોરધન દ્વારા પ.પૂ. આચાર્ય વિજય જિનેન્દ્રસૂરિજી મહારાજ સાહેબના શુભહસ્તે કરાવેલ છે. આ શ્રાવકના નામ ઉપરથી જૂનાગઢ શહેરના ઉપરકોટ પાસેના ચોકનું નામ જગમાલ ચોક રાખવામાં આવ્યું હતું.

**મેરકવસીની ટૂંક:**

**૧. પંચમેરૂનું જિનાલય :**

આ પંચમેરૂના જિનાલયની રચના અત્યંત રમણીય છે. જેમાં ચારે બાજુના ચાર ખૂણામાં ઘાતકીખંડના બે મેરૂપર્વત અને પૃષ્કરાર્ધદ્વીપના બે મેરૂપર્વત તથા મધ્યમાં જંબુદ્વીપમાં એક મેરૂપર્વત એમ પાંચ મેરૂપર્વત સ્થાપન કરેલ છે. આ દરેક મેરૂ ઉપર ચૌમુખજી પ્રતિમાઓ પધરાવવામાં આવેલ છે. આ પ્રભુજીની પ્રતિષ્ઠા પ.પૂ. આચાર્ય જિનેન્દ્રસૂરિ મહારાજ સાહેબના શુભહસ્તે વિ.સં. ૧૮૫૯ માં કરવામાં આવેલ છે. મુખ્ય મેરૂમાં મૂળનાયક તરીકે ૯ ઈંચના શ્રી ઋષભદેવ ભગવાન પધરાવેલ છે.

**૨. અદબજીનું જિનાલય :**

આ જિનાલયમાં પધરાવવામાં આવેલ ઋષભદેવ ભગવાનની ૧૫૧ ઈંચ ઊંચી વિશાળકાય મૂર્તિને જોતાં જ શ્રી શત્રુંજયગિરિરાજની નવટૂંકમાં પધરાવવામાં આવેલ અદબજીદાદાનું સ્મરણ તાજું થતું હોવાથી આ જિનાલયને પણ અદબજીનું જિનાલય કહેવાય છે.

આ પ્રભુજી ગિરનારના પહાડમાં જ કંડારવામાં આવેલ શ્યામવર્ણના પાષાણની હોવા છતાં હાલ આ પ્રભુજીને અત્યંત નયનરમ્ય નીલવર્ણનો લેપ કરવામાં આવેલ છે.

વિ.સં. ૧૪૬૮ માં પ્રતિષ્ઠિ કર્યાનો ઉલ્લેખ દર્શાવતો ૨૪ તીર્થંકર પરમાત્માની પ્રતિમાજીવાળો લેખયુક્ત એક પીળો પાષાણ પ્રભુજીની બેઠકમાં હતો.

**મેરકવસીનું મુખ્ય જિનાલય :**

આ જિનાલયમાં મુખ્યદ્વારમાં પ્રવેશતાં જ છતમાં એક મુખ અને પાંચ શરીરવાળા પંચાંગવીરની કલાકૃતિ તથા અન્ય ઝીણી ઝીણી કોતરણીયુક્ત ઘુમ્મટ વગેરે આબુ-દેલવાડાના વિમલવસહી અને લૂણવસહીના શિલ્પસ્થાપત્યોની યાદ તાજી કરાવે છે. આ બાવન-જિનાલયના મૂળનાયક ૨૯ ઈંચના સહસ્રફણા પાર્શ્વનાથ ભગવાન છે. વિ.સં. ૧૮૫૯ વૈશાખ સુદ - ૭ ગુરૂવારે આ પ્રભુજીની પ્રતિષ્ઠા પ.પૂ. આચાર્ય જિનેન્દ્રસૂરિ મહારાજ સાહેબના શુભહસ્તે અમદાવાદના વિશા શ્રીમાળી વલભુશાખાના શા. ઈંદરજીના પુત્ર શા. કાશીદાસ દ્વારા કરાવવામાં આવી હતી.

આ જિનાલયની ભમતીમાં ડાબી તરફથી ફરતાં વિ.સં. ૧૪૪૨માં પીળા પાષાણમાં કોતરાયેલા ચોવીસ તીર્થંકર પરમાત્માની મૂર્તિઓવાળો અષ્ટાપદનો એક પટ હતો. ભમતીમાં આગળ વધતાં મધ્યભાગમાં જે મોટી દેરી આવે છે તેમાં અષ્ટાપદની રચના કરવામાં આવેલ છે. જેમાં ચત્તારિ-અઠ્ઠ-દસ-દોય એમ ચાર દિશામાં ક્રમસર ૪-૮-૧૦-૨ પ્રતિમાજીઓ પધરાવવામાં આવેલ છે. ત્યાંથી આગળ વધતાં મૂળનાયકની બરોબર પાછળ આવતી દેરીમાં નીલવર્ણના શ્રી મહાવીરસ્વામી બિરાજમાન છે. ત્યાંથી ઉત્તરદિશા તરફ આગળ વધતાં દરેક દેરીઓની આગળની ચોકીની છતમાં અત્યંત મનોહારી કોતરણીઓ મનને આહ્લાદ પમાડે છે. ત્યાંથી આગળ વધતાં ઉત્તરદિશા તરફની દેરીઓની હરોળમાં મધ્યભાગમાં રહેલી મોટી દેરીમાં શ્રીસંઘ દ્વારા વિ.સં. ૧૮૫૯ માં શ્રી શાંતિનાથ ભગવાનની ચૌમુખજી પ્રતિમાઓ પ.પૂ. આચાર્ય જિનેન્દ્રસૂરિ મહારાજ સાહેબના શુભહસ્તે પધરાવેલ છે.

આ ટુંક સિદ્ધરાજ જયસિંહના મહામંત્રી સાજનદે(સજ્જનમંત્રી) દ્વારા બંધાયેલ હોવાનું કહેવાય છે. જ્યારે સિદ્ધરાજે સજ્જનમંત્રીને દંડનાયક તરીકે નીમેલ ત્યારે તેમણે સૌરાષ્ટ્રની ત્રણવર્ષની મહેસૂલ (ઉપજ) પાટણના રાજભંડારમાં જમા ન કરાવતાં ગિરનારના શ્રી નેમિનાથ ભગવાનના મુખ્ય જિનાલયનો જીર્ણોદ્ધાર કરવામાં વાપરી નાંખી હતી આથી ક્રોધાયમાન થયેલ સિદ્ધરાજ સજ્જનમંત્રીને શિક્ષા આપવા સૌરાષ્ટ્ર આવ્યો.

મંત્રીને આ સમાચાર મળી ગયા હોવાથી તેણે વામનસ્થલી (વંથલી)ના મહાજન સમક્ષ આ હકીકતની રજૂઆત કરતાં થાણાદેવડીના ભીમા સાથરીયાએ આ જીર્ણોદ્ધાર થયેલા શ્રી નેમિનાથ ભગવાનના સુંદર જિનાલયને જોયું ત્યારે આ જીર્ણોદ્ધારનો થયેલો તમામ ખર્ચ રાજભંડારમાંથી કરવાનો આદેશ આપ્યો.

આ તરફ ભીમા સાથરીયાએ જીર્ણોદ્ધાર માટે રાખેલી રકમ સજ્જનમંત્રીને સોંપી દીધી. તેથી સજ્જનમંત્રી દ્વારા આ મેરકવાસીના જિનાલયના નિર્માણમાં આ રકમનો ઉપયોગ કર્યો તથા ભીમા સાથરીયાના નામે એક કુંડ કરાવ્યો જે આજે પણ ભીમકુંડના નામથી પ્રસિદ્ધ છે. ભીમા સાથરીયાએ નેમિનાથ ભગવાનને ૧૮ રત્નનો હાર પણ ચઢાવ્યો હતો.

આ જિનાલયમાં થયેલ કોતરણીના વજનના ભારોભાર સોનું કુશળ કારીગરોને અર્પણ કરીને અત્યંત સુંદર કલાકૃતિયુક્ત આ જિનાલયનું નિર્માણ મનોહારી રીતે થયેલ છે.

**સગરામ(સંગ્રામ) સોનીની ટૂંક :**

આ જિનાલયમાં મૂળનાયક તરીકે ૨૯ ઈંચના શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ ભગવાન છે. જેની પ્રતિષ્ઠા વિ.સં. ૧૮૫૯ જેઠ સુદ - ૭ ગુરૂવાર પ.પૂ. આચાર્ય જિનેન્દ્રસૂરિ મહારાજ સાહેબના શુભહસ્તે માંગરોળ નિવાસી વોરા પરસોત્તમ ગોડીદાસ દ્વારા કરાવવામાં આવેલ છે.

આ બાવનજિનાલયના મુખ્ય જિનાલયમાં અત્યંત મનોહર એવો બે માળવાળો રંગમંડપ છે, જેમાં પૂજા-સ્નાત્ર વગેરે અનુષ્ઠાન દરમ્યાન ઉપરના માળમાં સ્ત્રીઓને બેસવા માટે સુંદર વ્યવસ્થા છે. આ રંગમંડપમાંથી મૂળનાયકના ગભારામાં પ્રવેશતાં ગભારાની ઊંચાઈ સામાન્ય જિનાલયોથી કંઈક વિશેષ ઊંચી છે. ગિરનારના જિનાલયોમાં આ જિનાલયનું શિખર સૌથી ઊંચુ જણાય છે.

શ્રી હેમહંસગણિએ રચેલી ગિરનાર ચૈત્ર પ્રવાડીમાં આ ટૂંકના ઉદ્ધારક તરીકે ઓશવાલ સોની સમરસિંહ અને માલદેવનો ઉલ્લેખ કર્યો છે. તેમણે જિનાલયનો ઉદ્ધાર વિ.સં. ૧૪૯૪ માં કરાવ્યો હોવાનો ઉલ્લેખ પ.પૂ. ભાવહર્ષ મહારાજ સાહેબના શિષ્ય રંગસારકૃત ગિરનારગિરિ ચૈત્યપરિપાટીમાં પણ જોવા મળે છે. આ સોની સમરસિંહ માલદેના નામમાં

અપભ્રંશ થતાં સંગ્રામસોની નામ પ્રસિદ્ધ થયું હોવાનું જણાય છે.

આ સંગ્રામસોની ગુજરાતના વઢિયાર પ્રાંતના લોલાડા ગામમાંથી સપરિવાર માંડવગઢ જઈ વસ્યા હતા અને તેમણે વેપારમાં સંપત્તિ અને કીર્તિ મેળવીને વિ.સં. ૧૪૫૧ માં પ.પૂ. આચાર્ય સોમસુંદરસૂરિ મહારાજ સાહેબના ઉપદેશથી આગમની સુવર્ણ તથા રૌપ્યાક્ષરી અનેક પ્રતો લખાવી હતી, અનેક જિનાલયોના જીર્ણોદ્ધાર અને નવનિર્માણ કરાવ્યા હતા તેમણે આ જિનાલયનો પણ ઉદ્ધાર કરાવી નવનિર્માણ કરાવ્યું હતું.

**કુમારપાળની ટૂંક**

કલિકાલસર્વજ્ઞ પ.પૂ. આચાર્ય હેમચંદ્રસૂરિ મહારાજ સાહેબના ઉપદેશથી પરમાર્હત કુમારપાળ મહારાજાએ ૧૪૪૪ ભવ્ય જિનાલયો બંધાવ્યા હતા. સને ૧૧૪૩ થી ૧૧૭૪ ના તેમના રાજકાળમાં તેમણે ગિરનારતીર્થ ઉપર પણ આ ટૂંક બંધાવી હતી.

આ જિનાલયમાં હાલ ૨૩ ઈંચના શ્રી અભિનંદન સ્વામી બિરાજમાન છે, જેની પ્રતિષ્ઠા વિ.સં. ૧૮૭૫ વૈશાખ સુદ - ૭ શનિવારે પ.પૂ. આચાર્ય જિનેન્દ્રસૂરિ મહારાજ સાહેબના શુભહસ્તે માંગરોળ નિવાસી શા. નાનજી જેકરણ દ્વારા થઇ હતી.

આ જિનાલયની ઉત્તરદિશા તરફના પ્રાંગણમાં દેડકીવાવ નામની એક વાવ તથા ભીમકુંડ, ચંદ્રપ્રભા સ્વામીની ટૂંક તથા ગજપદકુંડ (હાથીપગલાં) જવાની બારી છે.

**માનસંગ ભોજરાજની ટૂંક :**

આ જિનાલયમાં ૨૫ ઈંચના શ્રી સંભવનાથ ભગવાનની પ્રતિમાજી બિરાજમાન છે. વિ.સં. ૧૯૦૧ માં કચ્છ-માંડવીના વીશા ઓશવાલ શેઠ માનસંગ ભોજરાજે આ જિનાલયનો ઉદ્ધાર કરાવેલ હોવાથી આ જિનાલય માનસંગ ભોજરાજની ટૂંકના નામે ઓળખાય છે. આ જિનાલયની આગળના ચોકમાં રહેલા સુરજકુંડનો ઉદ્ધાર પણ તેમણે કરાવ્યો હતો. તથા જૂનાગઢ શહેરના જગમાલ ચોકની બાજુમાં આવેલા આદિનાથ જિનાલયમાં પણ પ્રતિષ્ઠા કરાવી હતી.

**ગુમાસ્તાનું જિનાલય :**

આ જિનાલય વસ્તુપાલ-તેજપાલની માતા કુમારદેવીનું જિનાલય કહેવાય છે. જ્યાં મૂળનાયક ૧૯ ઈંચના સંભવનાથ ભગવાન બિરાજમાન છે. કચ્છ-માંડવીના ગુલાબશાહે આ જિનાલયનો ઉદ્ધાર કરાવ્યો હોવાથી તેમના નામમાં અપભ્રંશ થયાનો સંભવ હોવાથી હાલ આ ગુમાસ્તાના જિનાલય તરીકે ઓળખાય છે.

**વસ્તુપાલ-તેજપાલની ટૂંક :**

તેરમી સદીમાં ગુજરાતના મહામંત્રીશ્વર વસ્તુપાલ અને તેજપાલ હતા. જેઓએ ઈ.સ. ૧૨૩૨ થી ઈ.સ. ૧૨૪૨ના સમયકાળ દરમ્યાન ગિરનાર ઉપર અનેક જિનાલયો બંધાવ્યા હતા. આ જિનાલયો વસ્તુપાળ વિહારના નામે ઓળખાતા હતા. જેમાંથી ત્રણ સંયુક્ત જિનાલયવાળું આ એક જિનાલય આજે વિદ્યમાન છે.

આ જિનાલયમાં હાલ ૪૩ ઈંચના શ્રી શામળા પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા બિરાજમાન છે. વિ.સં. ૧૩૦૫(૦૬) ના વૈશાખ સુદી-૩ શનિવારે પાટણનિવાસી ઠક્કુર વાહડ(બાહડ) પુત્ર પદ્મસિંહના પુત્ર સામંતસિંહ અને મહામંત્રી સલખણસિંહ જે ઉદાયન મંત્રીના પુત્રો હતા તેમણે પોતના માતાપિતાના આત્મશ્રેયાર્થે બૃહદ્ ગચ્છના પ.પૂ. આચાર્ય પ્રદ્યુમ્નસૂરિના શિષ્ય પ.પૂ. આચાર્ય માનદેવસૂરિના શિષ્ય પ.પૂ. આચાર્ય જયાનંદસૂરિ મહારાજ સાહેબના શુભહસ્તે પ્રતિષ્ઠા કરાવી હતી.

સં. ૧૨૮૮ના ૬ મોટા શિલાલેખોથી જાણવા મળે છે કે વસ્તુપાલ-તેજપાલે આ જિનાલયમાં વિ.સં.૧૨૮૮ માં ફાગણ સુદ - ૧૦ ના નાગેન્દ્રગચ્છીય પ.પૂ. આચાર્ય સેનસૂરિ મહારાજ સાહેબના શુભહસ્તે પ્રતિષ્ઠા કરાવી હતી.

આ જિનાલયના ડાબી તરફના જિનાલયના ચોરસ સમવસરણમાં ત્રણ ગઢ ઉપર ચૌમુખજી પ્રતિમા બિરાજમાન છે જેમાંથી પાર્શ્વનાથ ભગવાનની ત્રણ પ્રતિમાજી વિ.સં. ૧૫૫૬ ની સાલમાં તથા ચોથા ચંદ્રપ્રભ સ્વામી વિ.સં. ૧૪૮૫ની સાલમાં પ્રતિષ્ઠા કર્યાના લેખ છે. જમણી તરફના ગોળાકારમાં રહેલા ત્રણ ગઢની ઉપર પણ ચૌમુખજી પ્રતિમા બિરાજમાન છે

જેમાંથી બે સુપાર્શ્વનાથ ભગવાન અને એક શ્રી નેમિનાથ ભગવાનની પ્રતિમા વિ.સં. ૧૫૪૬ માં પ્રતિષ્ઠા કર્યાનો ઉલ્લેખ છે, ચોથી પ્રતિમા ચંદ્રપ્રભ સ્વામીની છે.

આ જિનાલયનો મુખ્ય રંગમંડપ લગભગ ૫૩ ફુટ × ૨૯ ફુટનો તથા આજુબાજુના જિનાલયોના રંગમંડપ ૩૮ ફુટ × ૩૮ ફુટના છે. આ જિનાલયની કોતરણી, સપ્રમાણતા, કામનરહિત અનેક થાંભલાઓ, કલાકૃતિયુક્ત પૂતળીઓ, ઘુમ્મટની અત્યંત બારીક કોરણી આદિ આર્યશૈલીના ઉત્તમ શિલ્પ-સ્થાપત્યના પ્રતીકો જોઈને જાણે સાક્ષાત કલાદેવીએ આ ભવ્યભૂમિ ઉપર અવતાર લીધો હોય તેવો અનુભવ થાય છે.

**સંપ્રતિ મહારાજની ટૂંક :**

મૌર્યવંશમાં નવમાં નંદની ગાદીએ ચંદ્રગુપ્ત રાજા થયેલ પછી બિંદુસાર રાજા થયો. તેની ગાદીએ સમ્રાટ અશોક હતો તેનો પુત્ર કુણાલ ઉજ્જયિની નગરીમાં રહેતો હતો. આ કુણાલનો પુત્ર એટલે જ મગધસમ્રાટ પ્રિયદર્શી શ્રી સંપ્રતિ મહારાજા ! જે વિ.સં.૨૨૬ આસપાસ ઉજ્જયિની નગરીમાં રાજ કરતો હતો.

આ સંપ્રતિ મહારાજાએ પ.પૂ. આચાર્ય આર્યસુહસ્તિસૂરિના ઉપદેશથી જૈનધર્મનો સ્વીકાર કરી ભારતભરમાં જૈનધર્મનો પ્રચાર કર્યો હતો. આ સંપ્રતિ મહારાજાએ પોતાના જીવનકાળ દરમ્યાન સવાલાખ નૂતન જિનાલય બંધાવ્યા હતા અને સવા કરોડ પ્રતિમાજી ભરાવ્યા હતા. તેમાં ગિરનાર ઉપર બંધાવેલ આ જિનાલય સૌથી પ્રાચીન અને સુંદર જણાય છે.

આ જિનાલયમાં હાલ બિરાજમાન ૫૭ ઈંચના શ્યામવર્ણના શ્રી નેમિનાથ ભગવાનની પ્રતિષ્ઠા વિ.સં. ૧૫૧૯ માં થયેલ છે.

આ જિનાલયના મુખ્ય ગભારાની બહાર ગોખલામાં સરસ્વતીદેવી તથા રંગમંડપમાં પદ્માસનસ્થ અને કાઉસ્સગ્ગ મુદ્રા સ્થિત જિન પ્રભુજીની પ્રતિમાજીઓ બિરાજમાન છે.

**જ્ઞાનવાવનું જિનાલય :**

આ જિનાલયના પરિસરમાં જ્ઞાનવાવ આવેલી હોવાથી આ જિનાલય જ્ઞાનવાવના જિનાલય તરીકે પ્રસિદ્ધ છે.

આ જિનાલયમાં ચૌમુખજી પ્રતિમાજી બિરાજમાન છે જેમાં મૂળનાયક ૧૫ઈંચના શ્રી સંભવનાથ ભગવાન છે. વિ.સં. ૧૮૭૫ માં રચિત શ્રી ગિરનાર તીર્થમાલા માં પ.પૂ. ન્યાયસાગરજી મહારાજ સાહેબ લખે છે કે

પાછળ જ્ઞાન રે વાવ છે, જળ અતિ સુખકારો;
પદ્મદ્રહની ઉપમા, પદપંક્તિ સંભારો.

**ધરમશી હેમચંદની ટૂંક :**

આ જિનાલયમાં મૂળનાયક ૨૯ ઈંચના શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિમા બિરાજમાન છે.

આ જિનાલયનો જીર્ણોદ્ધાર વિ.સં. ૧૯૩૨ માં માંગરોળનિવાસી શેઠશ્રી ધરમશી હેમચંદ દ્વારા થયો હોવાથી આ જિનાલય ધરમશી હેમચંદની ટૂંક તરીકે પ્રસિદ્ધ છે.

**મલ્લવાળું જિનાલય :**

આ જિનાલયમાં મૂળનાયક ૨૧ ઈંચના શ્રી શાંતિનાથ ભગવાન બિરાજમાન છે. આ જીનાલાયનો ઉદ્ધાર જોરાવરમલ્લજી દ્વારા થયો હોવાથી આ મલ્લવાળા જિનાલય તરીકે ઓળખાય છે. આ જિનાલયના પરિસરની પશ્ચિમદિશાની દિવાલમાં બે મલ્લ યુદ્ધ કરતાં હોય તેવી મૂર્તિ સ્થાપના કરેલ છે.

**ચૌમુખજીનું જિનાલય :**

આ ચૌમુખજી જિનાલયમાં ઉત્તરાભિમુખ મૂળનાયક ૨૫ ઈંચના શ્રી નમિનાથ ભગવાન, પૂર્વાભિમુખ શ્રી સુપાર્શ્વનાથ ભગવાન, દક્ષિણાભિમુખ શ્રી ચંદ્રપ્રભસ્વામી અને પશ્ચિમાભિમુખ શ્રી મુનિસુવ્રતસ્વામી બિરાજમાન છે. જેની પ્રતિષ્ઠા વિ.સં. ૧૫૧૧ માં પ.પૂ. આચાર્ય સોમસુંદરસૂરિના શિષ્ય પ.પૂ. આચાર્ય જયચંદ્રસૂરિના શિષ્ય પ.પૂ.આ જિનહર્ષસૂરિ મહારાજ સાહેબના વરદ હસ્તે થઇ હતી.

આ જિનાલય પૂર્વે શ્રી શામળા પાર્શ્વનાથ ભગવાનના જિનાલયના નામે પણ ઓળખાતું હોવાથી પૂર્વે કોઈ કાળે અહીં મૂળનાયક રૂપે શ્રી શામળા પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ હોવાની સંભાવના છે, વલી આ જિનાલયમાં પ્રભુજીની ગાદીની ચારદિશાના ચારખૂણામાં ચોરસ થાંભલીમાં એક-એક

થાંભલીમાં ૨૪-૨૪ પ્રતિમાજીઓ એમ કુલ ૯૬ પ્રતિમાજીઓ કોતરવામાં આવી છે. આ ચાર થાંભલીઓ લગ્નંડપની ચોરી જેવી લાગતી હોવાથી આ જિનાલયને ચોરીવાળું જિનાલય પણ કહેવામાં આવે છે.

**રહનેમિનું જિનાલય :**

આ જિનાલયમાં મૂળનાયક તરીકે સિદ્ધાત્મા શ્રી રહનેમિની શ્યામવર્ણની ૫૧ ઇંચની પ્રતિમા બિરાજમાન છે. વિ.સં. ૨૦૧૫૮ માં આ પ્રભુજીની ઉપર નવો લેપ કરવામાં આવેલ છે.

આ રહનેમિ ભગવંત, નેમિનાથ ભગવાનના નાના ભાઈ હતા જેમણે દીક્ષા લઈને આ ગિરનારની પવિત્રભૂમિમાં સંયમ આરાધના કરી અષ્ટકર્મનો ક્ષય કરી સહસાવનમાં કેવલજ્ઞાન અને મોક્ષપદની પ્રાપ્તિ કરી હતી.

ભારતભરમાં પ્રાયઃ આ એક માત્ર જિનાલય એવું હશે કે જ્યાં સિદ્ધાત્મા એવા રહનેમિ ભગવંત, અરિહંત ન હોવા છતાં અહીં તેમની મૂળનાયક તરીકે સ્થાપના કરવામાં આવી છે.

**ચંદ્રપ્રભસ્વામીની ટૂંક :**

આ જિનાલયમાં ૧૫ ઈંચના મૂળનાયક શ્રી ચંદ્રપ્રભસ્વામી બિરાજમાન છે. જેની પ્રતિષ્ઠા વિ.સં. ૧૭૦૧ માં થયેલ છે. આ જિનાલયની છત અનેક કલાકૃતિઓથી સુશોભિત છે જેમાં ચારેબાજુ શિલ્પકલાયુક્ત પૂતળીઓ સ્થાપિત કરી રંગ પૂરવામાં આવેલ છે.

(પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી હેમવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલ લેખ)

છેલ્લા ત્રણ મહિનામાં ગિરનારજી મહાતીર્થની યાત્રાએ ૩૦ હજારથી વધારે મહાનુભાવો પધાર્યા હતા અને યાત્રા કરીને ધન્યતા અનુભવી હતી. ૯ પૂજ્ય આચાર્ય ભગવંતો, ૨૦૦ જેટલા પૂજ્ય સાધુ-સાધ્વીજી મ. તથા ૭ છ'રી પાલિત સંઘો ઉપરાંત ૧૨૦ જેટલા સંઘો વાહન દ્વારા આ તીર્થની યાત્રા કરવા પધાર્યા હતા.

## ગિરનાર મહાતીર્થ તળેટી સ્થિત ધર્મશાળાઓ

૧. શ્રી "નેમીજીન" જૈનધર્મશાળા તળેટી

સરનામુઃ - ગિરનારજી પગથીયા પાસે

રૂમની સંખ્યા : - ૯૬ + હોલ

વ્યવસ્થાપકનું નામ તથા મો.નં. :-

શ્રી અશ્વિનભાઈ મહેતા, પ્રોફે.બટુકભાઈ ૯૪૨૮૧૮૭૬૯૫

૨. શ્રી "કાન્તાબા સંકુલ" જૈન ધર્મશાળા તળેટી

સરનામુઃ - ગિરનારજી પગથીયા પાસે

દેરાસર મૂળનાયકઃ - શ્રી આદેશ્વર ભગવાન

વ્યવસ્થાપકનું નામ તથા મો.નં. :- શ્રી પ્રવીણભાઈ બારોટ ૭૦૧૬૪૪૦૪૦૨

રૂમની સંખ્યા : - ૬૫ + હોલ

૩. શ્રી "કચ્છીભવન" (રૂપાયતન રોડ) જૈન ધર્મશાળા ભવનાથ

સરનામુઃ - રૂપાયતન રોડ

દેરાસર મૂળનાયકઃ - શ્રી મુનિસુવ્રત સ્વામી

વ્યવસ્થાપકનું નામ તથા મો.નં. :- શ્રી મોહનભાઈ કારાણી ૯૯૭૯૭૭૮૧૩૪

રૂમની સંખ્યા : - ૫૯ + હોલ

૪. શ્રી ગિરનાર રાજેન્દ્ર શાંતિ સેવા ટ્રસ્ટ ધર્મશાળા

સરનામુઃ - ભારતી આશ્રમ પાસે,ભવનાથ

દેરાસર મૂળનાયકઃ - શ્રી નેમિનાથ ભગવાન

વ્યવસ્થાપકનું નામ તથા મો.નં. :- શ્રી દિલીપભાઈ વોરા ૯૭૭૩૮૭૫૪૦૦

રૂમની સંખ્યા : - ૩૮

૫. શ્રી "ગિરનાર દર્શન" જૈનધર્મશાળા

સરનામુઃ - પરિક્રમા વાળો રોડ, ભવનાથ

દેરાસર મૂળનાયકઃ - શ્રી નેમિનાથ ભગવાન

વ્યવસ્થાપકનું નામ તથા મો.નં. :- શ્રી હિરેનભાઈ શાહ ૯૪૦૯૬૮૫૯૯૯

રૂમની સંખ્યા : - ૬૭

## શત્રુંજયના શહીદો

હવામાં ભયના પડઘા હતાં. પવન પણ થંભી જાય એવા સણસણતા સમાચાર અબઘડી જ પાલિતાણામાં ફેલાઈ રહ્યા હતા. સુલતાન મહમદશાહ 'બેગડા'નું નામ સંભળાતાં જ આખું પાલિતાણા કંપી ઊઠ્યું હતું :

'રે ! જગવિખ્યાત શત્રુંજયની દેવનગરી શું આજે લૂંટાશે ? સંસ્કૃતિના સંહારક એ શસ્ત્રોની સામે ઢાલ બનીને મંદિર-મૂર્તિનું જતન કરનારો કોઈ જવાંમર્દ શું નહિ જ મળી આવે ?'

સમાચાર જેમ જેમ ફેલાતા ગયા, એમ એમ આખું પાલિતાણા ગંભીર બનતું ચાલ્યું. હજી નજીકનો જ અતીતકાળ સહુની આંખ આગળ તરવરતો હતો. જૂનાગઢ લૂંટાયું હતું અને ત્યાંનું નંદનવન આજે ઉજ્જડ બનીને ઊભું હતું. બેગડાની આંખનો અગ્નિ પ્રજવળ્યો અને જૂનાગઢ ઊભું ને ઊભું બળીને ભડથું બન્યું હતું. એની ઊડતી રાખ બધાને કંપાવી રહી હતી.

જૂનાગઢ અને પાવાગઢની સંસ્કૃતિ પર જીવલેણ મારો મહમદશાહે હજી હમણાં જ ચલાવ્યો હતો અને અજેય ગણાતા આ બે ગઢ જ્યારે તૂટ્યા, ત્યારે દિલે દિલે દાવાનલ પેટાયા હતા ને મહમદશાહની એ ધર્માન્ધતા પર હજારો ફિટકારો વરસ્યા હતા.

જૂનાગઢ ને પાવાગઢ : આ બે ગઢનો ખાત્મો બોલાવ્યા પછી મહમદશાહ 'બેગડા' તરીકે પ્રસિદ્ધ થયો હતો. બેગડાનું ધર્મઝનૂન એટલે જાણે ઊકળતો ચરુ ! એ જ્યાં જ્યાં જાય, ત્યાં ત્યાં ભડકા ઊઠતા ને રાખનાં અવશેષ જ રહેતાં., મર્દાનગી ત્યારે મરી પરવારી નહોતી, જવાંમર્દીએ ત્યારે જોહર નહોતા કર્યાં, શૂરાતનની ત્યારે શબ-યાત્રા નહોતી નીકળી ચૂકી અને પરાક્રમે ત્યારે પારોઠના પગલાં નહોતા ભર્યા ! માથે મોતનો મુકુટ બાંધીને ફરે, એવા મર્દો ત્યારે હતા. જમરાજને જુહાર કરી શકે એવા જવાંમર્દોનો ત્યારે દુકાળ નહોતો પડ્યો અને શિર પર શોણિતનાં ચાંલ્લા કરે એવા શૂરવીરોને પકવનારી વીર નારી ત્યારે વંધ્યા ન હતી.

બેગડાની આંખ જ્યાં જ્યાં કતરાતી અને ધર્મના નામે જ્યાં જ્યાં કત્લેઆમ ચાલતી, ત્યાં ત્યાં આવા મર્દ - માડીજાયાઓ કાળજે કર્તવ્યના કંકુ

પૂરીને કેસરિયાં કરવા કૂદી પડતા અને બેગડાનો પંથ પથ્થરથી રુંધાઈ જતો, પણ ક્યાં સિંહ અને ક્યાં સસલાં !

બેગડાનું બળ એ પથ્થરોનો ભુક્કો બોલાવીને આગળ વધી જતું અને ઘડી-પહેલાના હસતાં-ખીલતાં દેવમંદિરો ઘડી પછી જ ભગ્ન-ખંડેર બની રહેતાં તેમજ જોનારની આંખનાં આંસુઓને બહાર ખેંચી લાવે, એવી કરુણતા એ ખંડેરોના કણકણમાં વ્યાપી જતી.

જૂનાગઢ જીર્ણ-શીર્ણ બન્યું. પાવાગઢ પારેવાનો માળો બન્યું ને હવે મહમદ બેગડાની આંખ દેવનગરી શત્રુંજય પર કતરાઈ હતી. કત્લ કત્લનાં પુકારો કરતું બેગડાનું સૈન્ય એક દિ' સોરઠણ ભણી આગે બઢ્યું. પવનની પાંખ પર બેસીને 'કત્લ કત્લ'નાં પુકારો પાલિતાણા પહોંચ્યા ને પ્રત્યેકના અંતરની ધરતીએ જબ્બર કંપ અનુભવ્યો.

પાલિતાણાનું જૈન મહાજન ઘડીવારમાં એકઠું થઈ ગયું. સૌને મન આ સળગતો પ્રશ્ન પોતાનો પ્રશ્ન હતો, નગરશેઠ મોતીચંદની આંખમાં પણ ભયના એંધાણ હતાં. એક બાજુ મહાજન ભેગું થયું, ત્યારે બીજ તરફ ધરતીકંપનાં આંચકા જગવતા-જગવતાં આ સમાચારો શહેરભરમાં ઘૂમી વળ્યા ને બધે ચકચાર જાગી ઊઠી ! મહાજન જ્યારે વિખરાયું, ત્યારે પ્રત્યેકનાં અંતરમાં આશા-નિરાશાની ધૂપ-છાંવ હતી. ખૂબ જ લાંબા સમય સુધી ગંભીર વિચારણાઓ ચાલતી રહી, પણ માર્ગ જડે અને દિશા ખુલ્લી થઈ જાય, એટલી સરળ ને સહેલી એ સમસ્યા ન હતી.

'બેગડા'ને વિનવણી કરવાનો કોઈ અર્થ ન હતો. સુવર્ણ મુદ્રાના ભાર નીચે દબાઈ જાય, એટલું હલકું એ 'ધર્મઝનૂન'ન હતું. પ્રશ્નની ગૂંચ એટલી બધી જટિલ નીકળી કે, જેમ જેમ એને ઉકેલવાની જહેમત ઉગ્ર બની, એમ એમ એ ગૂંચ વધુ જટિલ બનતી ગઈ. ગમે તેવી અંધારી અમાસેય કર્તવ્યની કેડી શોધનારી નગરશેઠની બુદ્ધિ પણ આજે ગુમ રાહ બનીને અથડાતી રહી.

અંતે એક એવો નિર્ણય લેવાયો કે, ગામનાં બારોટો જો આ પ્રશ્નને પોતાનો ગણે અને આ કાજે બલિદાન આપીને શહીદ બનવાનું ઉત્તરદાયિત્વ સ્વીકારે, તો કદાચ બેગડાનું બળ બુઠ્ઠું બને અને શત્રુંજયની શાન-શૌકતનો દીપ જલતો જ રહે. મહાજનના મોવડીઓને લઈને નગરશેઠ મોતીચંદ

બારોટનાં રહેઠાણ ભણી રવાના થયા. બારોટની બોલબાલાના એય દિવસો હતા. એમને 'સરસ્વતીપુત્ર' તરીકેનું બહુમાન ઠેર ઠેરના રાજાઓ તરફથીય મળતું. એમનો અવાજ રાજદરબારેય પહોંચતો અને બીજાને નિરાશા જ મળે, એવી ઘણીય વાતોમાં બારોટો ફતેહ મેળવી આવતા. આ બધો પ્રતાપ-પ્રભાવ એમની વિદ્યાનો હતો. એમનાં મોંઢેથી કાવ્યનો લલકાર થતો ને જાણે વીણા-પાણિ સરસ્વતીની વીણાનાં તાર ઝણઝણી ઊઠતાં, પાલિતાણાનાં બારોટની આગેવાની ત્યારે 'કાળીદાસ બાપા'ના સિરે હતી. બધાં એમને 'કાભઈ બાપા'ના લાડીલાં નામે જ સંબોધતાં.

મહાજન જ્યારે કાભઈ બાપાની ડેલીએ પહોંચ્યું, ત્યાં ડાયરો જામ્યો હતો. બેગડાના આક્રમણની વાત જ ત્યાં ચર્ચાતી હતી અને કસુંબા ને અફીણ ત્યાં ઘોળાતા હતા. મહાજનને આવેલું જોઈને બધાં વાત પામી ગયા. નગરશેઠે બેઠક લીધી હોય અને પળનોય વિલંબ હવે ખતરનાક હોવાથી શેઠે સીધી જ વાત શરૂ કરી :

'બાપુ ! મહાજનની આબરૂ આજે તમારા હાથમાં છે. મહમદ બેગડાનું સૈન્ય અહીં આવી રહ્યું છે અને અમારાં દેવનગર પર વિઘ્નોનાં વાદળ-દળ ઘેરાતાં જાય છે !'

'શેઠ ! અમારા કાં બોલો ? આપણાં કહો ! ધર્મ ભલે અમારો જુદો રહ્યો, પણ બેગડો તમારો એકલાનો જ દુશ્મન નથી, એ આખી સંસ્કૃતિનો દુશ્મન છે.' કાભઈ બાપા વચમાં જ બોલ્યા :

'ભૂલ્યો, હા, બાપુ ! આપણાં ! આપણી મૂર્તિઓ પર ઊતરી આવતાં આક્રમણ સામે આપણે ઢાલ નહિ ધરીએ, તો મૂર્તિઓ પગથિયાના પથ્થરોમાં જડાશે ને મંદિરો મસ્જીદોમાં પલટાશે !'

'વાત સાચી શેઠ ! પણ સાગરની પાળ તૂટી છે અને પાણી ઘોડા-પૂરે ધસમસતા આવી રહ્યાં છે, ત્યાં આપણા જેવાં શું કરી શકે ? ફાટ્યાં આભને થીંગડું આપવાથી ન સંધાય !'

'ના, બાપુ ! સસલાની આવી ધીમી ચીસો સાંભળવા હું અહીં નથી આવ્યો. મારે તો આ ડેલીએથી જ સિંહનાદ સાંભળવા છે. આપની અત્યારે બોલબાલા છે, રાજમાં-કાજમાં પાંચમાં-પંચમાં આપ આજે પૂછાવ છો. જો

આપ આ પ્રશ્નને ઉકેલેવા માંગો તો જરૂર ઉકેલાય !'

'શેઠ ! રા'માંડલિક જેવાઓનાંય બોલ જ્યાં આભમાં વેરાઈને વિખરાઈ ગયા, ત્યાં અમારી શક્તિ શી ? આ બાથ તો બળિયા સામે ગણાય !'

'બાપુ ! વાત સાચી, પણ કદીક એવું ય બને કે, સિંહ જ્યાં હારે, ત્યાં સસલું જીતે. બળ જ્યાં પાછું પડે, ત્યાં કળનો-બુદ્ધિનો વિજય થાય, આપની પાસે બુદ્ધિય છે. બલિ થવાની શહાદત ય છે જો થોડા મરણિયાં તૈયાર થઈ જાવ, તો એક મરણિયો તો સોને ભારે પડે !'

શૂરાતન ચઢી ગયું. નગરશેઠની વાત કાભઈનાં દિલમાં ઘર કરી ગઈ અને બાપુએ સાદ દીધો.

'શત્રુંજય શહાદત માગે છે! વીરાઓ ચાલ્યાં આવે...'

લોહી... ! બલિદાન....!! શહાદત !! આખી ડેલી આ પડઘમ પાડવાં લાગી. થોડીવારમાં એ ડેલીનું આંગણું બારોટોથી ઊભરાઈ ઊઠ્યું. બાપુએ શહીદોને સાદ દીધો :

'વીરાઓ ! શત્રુંજયને શિરે આજે નાશની નોબતો ગગડી રહી છે. આપણું શૂરાતના જો આજે મેદાને ન પંડે, તો સોરઠની ધરતી લાજે અને વીરપ્રસૂ સોરઠણોની કૂંખે આપણે પથ્થરો પાક્યા કહેવાઈએ. માટે આજે લોહીની જરૂર છે. શત્રુંજયની શાનરક્ષા કાજે શહાદતને વરે, એવા શહીદો ચાલ્યા આવે ! જય... આદિનાથ... જય.... સોમનાથ !'

-ને એક પછી એક એમ સો બારોટો બલિદાન કાજે તૈયાર થઈ ગયા. હવે મોતની પ્રતીક્ષા જ કરવાની બાકી હતી. બેગડાના આગમનની વાટે એ શૌર્યવીરોની મીટ મંડાઈ રહી ! મહાજનની આંખમાં આશાની ઉષા ખીલી ઊઠી, બારોટોનાં એ ધર્મ-ખમીર પર નગરશેઠ વારી ગયા. આખું પાલિતાણા એ 'આવતી કાલ' તરફ મીટ માંડીને બેઠું.

કાળમીંઢ પથ્થરને કાળજું હોય, તો ત્યાંથી પણ કરુણા જાગી જાય, એવું કરુણ દશ્ય શત્રુંજયની પગથારે ખડું થયું હતું. એક બાજુ કાભઈ બાપાનો વૃદ્ધ દેહ બલિ બનવા સજ્જ થઈને ખડો હતો ને એ દેહમાંથી ઊડતી લોહી-સેરો 'બેગડા'ને આગળ વધવાની સાફ સાફ 'ના' કહી રહી હતી.

મારમાર કરતું ધર્મઝનૂન ધસી આવ્યું. એ સીધું જ શત્રુંજય પર આક્રમણ કરવા ઈચ્છતું હતું, પણ એનો રસ્તો બલિદાન-શોણિતથી ભર્યો પડ્યો હતો. મહમદશાહે જોયું, તો શત્રુંજયની વાટને રોકતાં સો સો મરણિયા બારોટો ખડા થઈ ગયા હતા, પણ બેગડાએ તો આદેશ કર્યો : 'આગે બઢો!'

ત્યાં તો કાભઈ આગળ ધસી આવ્યા. એમણે ધર્મથી ધબકતું ખમીર બતાવ્યું: 'સુલતાન ! ખડે રહો ! અમારી નસમાં લોહીનું એક પણ ટીપું જ્યાં સુધી વહેતું હશે, ત્યાં સુધી આગળ નહિ વધી શકાય, પાછા ફરો. જગપ્રસિદ્ધ આ શેત્રુંજાના દેરા તમારી તલવારોને બુઠ્ઠી બનાવવા માટે જૈનોએ નથી ચણાવ્યાં, એની એક એક ઈંટ પાછળ જૈનોએ પોતાનું દિલ રેડીને દોલતને સમર્પિત કરી છે, માટે પાછા વળો. નહિ વળો, તો અમારા લોહીથી આ ધરતી રક્ત-રંગી બની જશે અને સો સો મસ્તકોનો ખડકલો તમારી રુકાવટ માટે ખડકાશે !'

સુલતાનના કાન જાણે ખાલી કાણાં જ બન્યા હતા. એણે કંઈ ન સાંભળ્યું ને એણે પુનઃ આદેશ કર્યો : 'આગે કદમ... !'

- ને કાભઈ બાપુએ પોતાની કટારી પેટમાં ભોંકી દીધી : જય શત્રુંજય ! ધન્ય આદિનાથ ! જય સોમનાથ !

- ને બાપુ ઢળી પડ્યા ! પોતાનો આગેવાન ઢળી પડજતા બધા બારોટો ખળભળી ઊઠ્યા, બીજા બારોટો બલિ માટે તૈયાર ઊભા હતા. એમાંથી એક બારોટ આગળ ધસી આવ્યો, એણે પુકાર્યું : 'જય આદિનાથ !'

ને એ બારોટ પણ ઢળી પડ્યો, કટારી એનાં શરીરમાં આરપાર પેસી ગઈ હતી, પણ 'બેગડો' જાણે કાળજું મૂકીને આવ્યો હતો. માનવને જાણે માટીના પૂતળાં રૂપે જ એ જોતો હતો અને લોહીમાં એને જાણે પાણી જ દેખાતું હતું.

ત્યાં તો બારોટ પ્રતાપસિંગ તલવાર ઘૂમાવતો ઘૂમાવતો આગળ આવ્યો, પોતાના પિતા કાભઈ બાપાના મૃત્યુ-પંથે પગલીઓ ભરવાનું જોમ એનામાં ઉછાળા મારતું હતું. જોબનના જામ એના અંગમાં જણાતા હતા. યૌવનના ઉપવનમાં હજી હમણાં જ એણે પ્રવેશ કર્યો હતો. બાપુનાં ગઈ કાલનાં સાદ એનાં કાનમાં ગૂજતા હતા. એણે કહ્યું :

'સુલતાન ! હજી સમજી જાવ ! નહિ તો લોહીની લેખિનીથી ઈતિહાસમાં તમારું પ્રકરણ 'લોહીના લેખ' રૂપે લખાશે!'

બેગડો એકનો બે ન થયો. એની આંખમાં તો સંહારનાં સપનાં જ ઘોળાઈ રહ્યાં હતાં. નવજવાન પ્રતાપસિંગે તલવાર ઘૂમાવીને પોતાનું મસ્તક એક જ ઝાટકે ઊડાવી દીધું ! ત્રણ... ત્રણ બલિના લોહીથી ધરતી કંકુવર્ણી બની ગઈ. સુલતાન મહમદનો મિજાજ હવે આસમાને પહોંચ્યો : આ વળી શી ઝંઝટ ? એણે રાડ પાડી : ખુદાવિંદખાન ! સબકો ગિરફતાર કરો !

સૈન્યના સરદાર સિપહસાલાર ખુદાવિંદખાને સેનાને સાબદી કરવા માંડી, બોરોટોનાં લોહી પણ હવે ઊકળી ઊઠ્યા, હતા. એમણે એકી સાથે ને સમસ્વરે પોતાનો આખરી નિર્ણય સુલતાનને જણાવ્યો : અમે બધાં કરીને શહાદતને વરીશું, આ પછી અમારી રાખને ખૂંદીને તમે આગળ વધી શકો છો ! જય શત્રુંજય !

ને ભડભડતી ચિતાો સળગી ઊઠી. બધાં બારોટોએ તેલ-નીંગળતાં વસ્ત્રો પહેર્યાં, સામૂહિક ઝમોરની આડે પળો જ બાકી રહી. ઝમોર ! બારોટોનો આ આખરી નિર્ણય સાંભળતાં જ બેગડો ધ્રૂજી ઊઠ્યો : રે ! બધાં જ બારોટો શત્રુંજયના શહીદો બનીને શું એકી સાથે બળી મરશે !

બેગડો કંપારી અનુભવી રહ્યો હતો, ત્યાં તો ખુદાવિંદખાને બધા ક્રાંતિવીર બારોટને પકડીને કેદ કરવા આગળ કદમ ઉઠાવ્યું. એક બાજુ ઝમોરનાં ગણવેશમાં બધા બારોટો સજ્જ થઈ રહ્યા હતા ને બીજી બાજુ ખુદાવિંદખાન જાણે ક્રાંતિને જ કેદ કરવા તૈયાર થયો હતો.

એક બારોટનાં લોહીમાં વૈશાખી તાપ ધસી આવ્યો. પોતાની કટારીથી એણે પોતાનું પેટ ચીરી નાખ્યું અને લાંબા લાંબા આંતરડા ખેંચી કાઢીને સરદાર ખુદવિંદખાના ગળામાં એ ભરાઈ જાય, એ રીતે નાંખ્યાં.

સરદારે ઘણાં ઘણાં મડદાં ચૂથ્યાં હતા, એણે ઘણી વખત પોતાનાં હાથ લોહી-તરબોળ બનાવ્યાં હતા, પણ બલિદાન-વીર બારોટનું એ આંતરડું એના ગળામાં પડતાં જ એ થર... થર... કંપી ઊઠ્યો. જાણે કાળોતરો જીવતો-જાગતો નાગ પોતાના ગળે ન વીંટળાયો હોય ! આગે બઢવાની શક્તિ હવે એણે ગુમાવી દીધી, સુલતાન સમક્ષ એણે અરજ ગુજારી :

'ખુદાવિંદ ! કસૂર માફ કરો. હવે મારાથી આગળ નહિ જ વધાય. આ આંતરડું જાણે કાળોતરો નાગ બનીને મારાં એક એક રોમમાં હજાર... હજાર ડંખ ભરતું લાગે છે. હવે આપણે પાછાં ફરીએ !'

– ને ધ્રૂજતા હાથે એ આંતરડું સરદારે દૂર દૂર ફેંકી દીધું. ચિતાઓમાં અગ્નિ પ્રજવળી ઊઠ્યો હતો અને બારોટો એક સામટાં એમાં હોમાઈ જવાની તૈયારી કરતા હતા. ઝમોરનું કરુણ ને દર્દીલું ચિત્ર બેગડાને ધ્રુજાવી બેગડાને ધ્રુજાવી રહ્યું હતું. બેગડાએ હાર સ્વીકારી લેતા જાહેર કર્યું :

'બારોટો ! તમારી આગળ બેગડો હારે છે. હવે આ ચિતાઓ બુઝાવી નાખો. હું પાછો ફરું છું. બલિદાનનાં બળની આગળ બેગડાનું બળ નિસ્તેજ છે. ખુદવિંદખાન, પીછે કદમ !'

– ને બેગડો પાછો ફર્યો ! શત્રુંજયનાં શહીદોની શહાદતે દેવનગરીની શાન-શૌકત જાળવી રાખી, ત્યારથી મહાજને બારોટોને શત્રુંજયના વિશિષ્ટ હક્કો આપ્યા.

(પૂ. આચાર્યદેવશ્રી પૂર્ણચંદ્રસૂરીશ્વરજી મ., દ્વારા લિખિત
'ગરવી ગાથા ગિરિરાજની' પુસ્તકમાંથી)

પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી શીલચંદ્ર સૂરીશ્વરજી મહારાજના માર્ગદર્શન અને પ્રેરણાથી તૈયાર થયેલ પુસ્તક વાંચો અને ભાવિભોર બનો.

શ્રી શત્રુંજય તીર્થના છેલ્લા ઉદ્ધારનું વર્ણન
(શ્રી કર્માશાહનો સોળમો ઉદ્ધાર)

આ પુસ્તકમાં વિ.સં. ૧૫૮૭ ના વૈશાખ વદ ૬ના દિવસે શાશ્વત તીર્થાધિરાજ શત્રુંજય ગિરિરાજના મૂળનાયક દાદા આદીશ્વર ભગવાનની મહાપ્રભાવી પ્રતિમાની પ્રતિષ્ઠા પૂજ્યપાદ સમર્થ જૈનાચાર્ય ભગવંત શ્રી વિદ્યામંડનસૂરિજીની પ્રભાવક નિશ્રામાં ચિત્તૌડના સ્વનામ ધન્ય મંત્રીશ્વર શ્રી કરમાશાહના વરદ હસ્તે થઈ હતી. એનો આંખે દેખ્યો અહેવાલ જાણવા અને ૫૦૦ વરસ પહેલાંના ઈતિહાસમાં ડૂબકી મારવા માટે આ પુસ્તક તમારે વાંચવું જ રહ્યું. પુસ્તક મેળવવા પેઢીના સરનામે સંપર્ક કરો.

## ગિરિરાજ ઉપરના દેરાસરોમાં ચાલતા કાર્યો

| ટુંકનું નામ | કામની વિગત |
|---|---|
| | નરશી કેશવજીની ટુંકમાં ફલોરીંગ કરવાનું નક્કી કરેલ છે. |
| નરશી કેશવજી ટુંકઃ | સંપ્રતિ મહારાજાનું જિનાલય<br>જિનાલયની ભમતીનો ઓટો નવો બનાવવાનું કાર્ય<br>માર્બલ ફલોરીંગનું કામ<br>પાંચ જિનાલયોને કલરકામ |
| વેલબાઈ કોઠા વિસ્તારઃ | નરશીનાથા ટ્રસ્ટના જિનાલયને મઠારકામ અને ફિનીશીંગ કામ<br>નરશીનાથા ટ્રસ્ટના જિનાલયને મઠારકામ અને ફિનીશીં કામ ચાલુ છે. |
| ચૌમુખજીની ટુંકઃ | શ્રી ચૌમુખજીની ટુંકના મુખ્ય જિનાલયનો જિર્ણોદ્ધાર કાર્ય થશે<br>શ્રી છીપાવસહીની ટુંક અને તેની આજુબાજુના જિનાલયોનો જિર્ણોદ્ધાર કાર્ય થશે |
| છીપાવસહી ની ટુંકઃ | શ્રી અજિતનાથ ભગવાન-શાંતિનાથ ભગવાન દેરીની પાછળ શ્રી નેમિનાથ ભગવાનનું જિનાલય તથા આદીશ્વર ભગવાનની ચરણપાદુકાની દેરી બનાવવાનું કાર્ય ચાલુ થશે. |
| સાકરશાહ ની ટુંક : | મઠારકામ. ફીનીશીંગકામ, કલરકામ અને ફલોરીંગનું કામ પૂર્ણ થયેલ છે.<br>મઠારકામ, ફીનીશીંગકામ, કલરકામ પુર્ણ થયેલ છે. |
| ઉજમફોઈની ટુંકઃ | સાકરશાહ ની ટુંક અને ઉજમફોઇ ટુંક વચ્ચેની દિવાલનું કાર્ય થશે<br>નવટુંકમાં નહાવાના ધાબે પરબને બંસીપહાડપુર પથ્થરનુ અને આરસનુ ક્લેડીંગ કામ થશે. |

**હેમાભાઈની ટુંકઃ** મઠારકામ, ફીનીશીંગકામ, કલરકામ કામ પૂર્ણ થયેલ છે.

**મોદીની ટુંકઃ** મુખ્ય શિખરને વીજળી પડતા નુકશાન થયેલ છે. શિખરને ઉતારીને નવું કરાવવાનું કાર્ય થશે.
મોદીની ટુંકમાં પ્રવેશતા બે આરસના જિનાલયોને સાફસફાઇ અને કલરકામ ચાલુ કરાશે.
મઠારકામ, ફીનીશીંગ કામ અને ફલોરીંગનુ કામ પૂર્ણ થયેલ છે.

**બાલાભાઈની ટુંકઃ** કલરકામ ચાલુ છે.
પંચધાતુની પ્રતિમાજી બિરાજમાન કરવા માટે ટુંકમાં પ્રવેશતા ડાબી બાજુના કોઠામાં પબાસણની વ્યવસ્થા થઈ છે.
મુખ્ય જિનાલયને ફીનીશિંગ કામ, મઠારકામ પુર્ણ થયેલ છે.

**કેશવજી નાયકની ટુંકઃ** જિનાલયના ધાબામાં પીસીસી કરાવવાનું કામ ચાલુ થશે
ફલોરીંગમાં આરસ નાખવાનું કામ ચાલુ થશે
જિનાલયમાં પ્રવેશતા ડાબી બાજુએ યક્ષની ડેરીના ઘુમ્મટનું મઠારકામ, ફીનીશીંગ કામ પૂર્ણ થયેલ છે.

**નેમિનાથ ભગવાનની ચોરીઃ** જિનાલયમાં પ્રવેશતા જમણી બાજુએ યક્ષિણીના ઘુમ્મટનું મઠારકામ, ફીનીશીગ ચાલુ છે.

**શ્રી પાર્શ્વનાથ ભગવાન અને શ્રી ચંદ્રપ્રભુસ્વામી જિનાલાયઃ**
મઠારકામ, ફીનીશીંગ કામ ચાલુ છે.
**શ્રી આદેશ્વર દાદાનું જિનાલયઃ**
શ્રી દાદાના જિનાલયની આજુબાજુના શિખરોના ૩૧ ધજાદંડને સુવર્ણ ચઢાવવાનું કાર્ય ચાલું છે.
**શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાન જિનાલય, જશકુંવર પેઢી : (પાલીતાણા શહેરમાં)**
નકશીકામ અને ઘડતરકામ ચાલુ છે.

## પાલીતાણા ખાતે

**શ્રી શત્રુંજયગિરિરાજની ૬ ગાઉની યાત્રાનો પાવન દિવસ : ફાગણ સુદ-૧૩**

આ યાત્રા કરવા માટે ૫૦ હજારથી વધારે ભાવિક ભક્તોનો મેળો જામતો હોય છે ! ઘણા બધા લોકો તો આગલી રાતથી જ રસ્તાઓ ઉપર ડેરા નાંખીને બેસી જાય છે !

અપૂર્વ ભક્તિભાવ અને હર્ષોલ્લાસના ઉછળતા દરિયા વચ્ચે હજારોની સંખ્યામાં નાના-મોટા સહુને જય શત્રુંજય, જય આદિનાથ, જય સિદ્ધાચલ, જય પાલીતાણાના પ્રચંડ નાદ સાથે યાત્રા કરતા જોવાનો પણ અનેરો લહાવો છે.

છ ગાઉની યાત્રાની શરૂઆત શત્રુંજય તીર્થની તળેટીએથી શરૂ થઈ ગિરિરાજ ઉપર શ્રી આદીશ્વર દાદાની મોટી ટૂકમાં દર્શન ચૈત્યવંદન કરીને રામપોળની બહાર નીકળી દેવકી ષટ્નંદનની દેરી આવે છે, ભક્તોના ટોળા ત્યાં ટેકરી ઉપર દર્શન કરે છે. ચૈત્યવંદન કરે છે. પછી ત્યાંથી ગિરિરાજની પ્રદક્ષિણા શરૂ કરે છે. આગળ જતા ઉલખા જળ આવે છે. ત્યાં દેરીમાં શ્રી આદીશ્વર ભગવાનના પગલાં છે. અહિયાં ચૈત્યવંદન કરવામાં આવે છે. પૂર્વ કાળે અહીં દાદાનું ન્હવણ જલ આવતું હતું તેવી માન્યતા છે. ત્યાથી આગળ શ્રી અજિત-શાંતિનાથની દેરી આવે છે. ત્યાં દર્શન, ચૈત્યવંદન કરાય છે. બાજુમાં ચિલ્લણ (ચંદન) તલાવડી આવે છે, ત્યાં બેઠા-સૂતા કે ઉભા ઉભા ૯ અથવા ૧૧ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવામાં આવે છે. ત્યાથી આગળ ચાલતાં ભાડવાના ડુંગર પર ભાવિકો ચડે છે. ત્યાં શાંબ-પ્રદ્યુમ્નની દેરી આવે છે. શાંબ-પ્રદ્યુમ્ન કૃષ્ણ વાસુદેવના પુત્રો હતાં. તે સાડા ત્રણ કરોડ મુનિઓ સાથે આ ગિરિરાજ પર અનશન કરીને આજના એટલે કે ફાગણ સુદ તેરસના દિવસે મોક્ષ પામ્યા હતા. માટે ફાગણ સુદ તેરસનો પુણ્ય દિવસ છ ગાઉની યાત્રા કરવાનો મહિમાવંત દિવસ છે. ત્યાં ચૈત્યવંદન કરીને ઉતરવાની શરૂઆત કરે છે. એટલે ધીરે ધીરે ઉતરીને સિદ્ધવડ આગળ આવે છે. ત્યાં દેરીમાં દાદા આદીશ્વર ભગવાનના પગલાં છે. ત્યાં દર્શન-ચૈત્યવંદન કરીને પછી પાલમાં

જાય છે. આ રીતે છ ગાઉની યાત્રા પૂરી થાય છે. છ ગાઉની આ પ્રદક્ષિણાનો રસ્તો અતિ કઠીન છે, પણ એક વખત યાત્રા કરી હોય, તેને ફરી પણ યાત્રા કરવાનું મન થાય તેવું છે. પ્રતિવર્ષ હજારોની સંખ્યામાં શ્રદ્ધાસંપન્ન યાત્રિકો આ યાત્રા માટે ઉમટતા હોય છે.

પેઢી તરફથી આયોજિત આ યાત્રા દરમિયાન યાત્રિક ભાઈ બહેનોની સગવડતા સાચવવા તમામ કાળજી લેવાય છે. આ માટે પ્રાર્થના યુવક મંડળ (ભાવનગર) ના નેતૃત્વમાં ૪૫૦ થી વધારે સ્વયંસેવકો ખડે પગે સેવા આપે છે. ૨૫૦ થી ૩૦૦ પોલીસકર્મીઓ જેમાં મહિલા પોલીસ પણ સામેલ હોય છે, સુરક્ષા વ્યવસ્થા માટે તૈયાર રહે છે.

યાત્રા કરીને સિદ્ધવડ આવતા યાત્રિકોનું ભક્તિભાવપૂર્ણ સંઘપૂજન કરવા માટે ૩૫ થી ૪૦ લાભાર્થીઓ તેમના પરિવાર સાથે હાજર હોય છે.

૪૦૦થી વધારે પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો પણ આ યાત્રા માટે પધારે છે. નવકાર સારવાર કેન્દ્ર-અમદાવાદ તથા અન્ય સંસ્થાઓ તરફથી પણ મેડિકલ-દવા-સારવાર, રાહત, અકસ્માત વગેરે માટે ડોક્ટરો, સહાયકોની મોટી ટીમ હાજર રહે છે. જરૂર પડે તો એમ્બ્યુલન્સ મારફતે હોસ્પીટલમાં યાત્રિકોને ખસેડવાની સગવડતા પણ હોય છે.

૧૦ થી ૧૨ પથારીવાળું મિનિ આરોગ્યકેન્દ્ર રાખવામાં આવે છે. જ્યાં તાત્કાલિક સારવાર ઉપલબ્ધ થઈ શકે. યાત્રિકોની સાધર્મિક ભક્તિ માટે ૯૫ જેટલા પાલ (વિશ્રામ તથા ભક્તિ સ્થળ) તથા સંઘપૂજન બહુમાન માટે ૪૦ જેટલા પાલની વ્યવસ્થા હોય છે.

આયંબિલ, એકાસણા, બેસણા કરનારા તપસ્વીઓ માટે વિશેષ વ્યવસ્થા પણ હોય છે. પેઢીના ટ્રસ્ટીશ્રીઓ, મેનેજરો, સ્ટાફ સદસ્યો, અન્ય કાર્યકર્તાઓ વગેરે સમગ્ર આયોજનને સુચારૂ પુરૂ પાડવા સેવાઓ ખડે પગે સજ્જ હોય છે.

ચાલુ વરસે ફાગણસુદ ૧૩, મંગળવાર ૨૭-૨-૧૦૧૮ ના દિવસે યોજાયેલ આ છ ગાઉ પરિક્રમા યાત્રામાં ૪૫ હજારથી વધારે ભક્તજનોના ટોળા ઉમટ્યા હતા. ૯૫ જેટલા પાલમાં સાધર્મિક ભક્તિ તથા ૪૦ જેટલા સંઘપૂજન-પ્રભાવનાનો લાભ લેવામાં આવ્યો હતો.

## શેઠ આણંદજી કલ્યાણજી છા. પાં. સા. ટ્રસ્ટ
## શ્રી છાપરીયાળી પાંજરાપોળ
## (સ્થાપના : વિ.સં. ૧૯૦૮ ઈસ્વી. ૧૮૫૨)

જીવદયા પ્રતિપાલક યોજનામાં રૂા. ૯૦૦૦/- ના વાર્ષિક અનુદાનથી જોડાઓ અને જીવોના પાલક બનો.

રોજના ફક્ત રૂા. ૨૫/- જેવી નાની રકમનું યોગદાન આપીને છાપરીયાળી પાંજરાપોળની દૈનિક નિભાવ ફંડ યોજનામાં લાભ લો અને ઘેર બેઠા રોજ ૧ પશુને તમારા તરફથી ઘાસચારા નીરણનો અમૂલ્ય લાભ મેળવો !!

જીવોના અભય દાતા બનો. દયા તમામ ધર્મોનું મૂળ છે.

ધર્મના વૃક્ષો જીવદયાની વહેતી નદીના કરૂણા જળથી સિંચાય છે. મૂંગા અબોલ પશુઓ પ્રત્યેની દયા આપણામાં દિવ્યતાને ઉજાગર કરે છે. દયા-કરૂણાના સંસ્કારો આપણને મળેલ વારસાગત મૂડી છે. રોજના સેંકડો પશુઓનો નિભાવ કરતી પાંજરાપોળ ઈચ્છે છે આપનો નાનકડો સહયોગ ! દિવસે દિવસે મોંઘા થતાં ઘાસચારા અને નીરણના સમયે પશુધનને સાચવવા સહુ આગળ આવો ! રોજના રૂા. ૨૫/- મુજબ ૧ વર્ષના ૩૬૦ દિવસ લેખે વાર્ષિક રૂા. ૯૦૦૦/-ના અનુદાન વડે ઘેર બેઠા રોજ ૧ પશુના ઘાસચારા, નિભાવ અને જીવનનિર્વાહ માટે સહભાગી બનો.

આજે જ પરિવારના દરેક વ્યક્તિ અથવા સંપૂર્ણ પરિવાર વતી રૂા. ૯૦૦૦/- નું પાંજરાપોળને દાન કરી નેં જીવદયા પ્રતિપાલક યોજનામાં જોડાઓ અને જીવદયા પ્રતિપાલક બનો તથા લાભ લો !!

આજુબાજુના વિસ્તારોમાં રખડતા કે કતલખાને જતા બચાવાયેલ જીવો માટે આ પાંજરાપોળ એક સહારો છે. આ યોજના સિવાય બીજી પણ કાયમી યોજનાઓમાં લાભ લો, અન્ય મોટા અનુદાન માટે અવશ્ય સંપર્ક કરો.

આ સંસ્થાને અપાયેલ દાન ઈન્કમટેક્ષ કાયદાની કલમ ૮૦ (G) અંતર્ગત કરમુક્ત છે.

**શ્રી તારંગા મહાતીર્થ ખાતે** તા. ૧૭-૧૮ નવેમ્બર : ૨૦૧૫ તથા
**શ્રી રાણકપુર મહાતીર્થ ખાતે** તા. ૧૯ નવેમ્બર ૨૦૧૫ના દિવસે
આયોજિત **તીર્થસ્તવના કાર્યક્રમ** હવે ૩૨ GBની પેનડ્રાઈવમાં
શેઠ આણંદજી કલ્યાણજી પેઢી સંચાલીત તીર્થોના નયન મનોહારી છાયાંકન સાથે ઉપલબ્ધ છે. આ કાર્યક્રમમાં ગુંદેચા બ્રધર્સના નામે દેશના જાણીતા ખ્યાતિપ્રાપ્ત ધ્રુપદ ગાયક બંધુઓના શ્રુતિમધુર સ્વરમાં પ્રાચીન સ્તવનો તથા સ્તોત્રો ગવાયા છે.
**માત્ર સ્તવનોની ઓડિયો સીડી પણ ઉપલબ્ધ છે.**

**સંપર્ક**

શેઠ આણંદજી કલ્યાણજી પેઢી
૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ,
પાલડી. અમદાવાદ - ૩૮૦૦૦૭

**શ્રી શેરિસા મહાતીર્થ ખાતે** મહાપ્રભાવી શ્રી શેરિસા પાર્શ્વનાથ વગેરે જિનબિંબોથી શોભતા જિનાલયને જુહારવા અને તીર્થયાત્રા કરવા ૬ હજાર જેટલા યાત્રિક ભાઈ-બહેનો પધાર્યા હતા.
૧૭ જેટલા પૂજ્ય આચાર્ય ભગવંતો તથા ૬૩૩ જેટલા પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો શેરિસા મહાતીર્થે પધાર્યા હતા.
છ'રી પાલિત પદયાત્રા સંઘોની સંખ્યા ૬
તથા વાહનો દ્વારા આવેલા સંઘોની સંખ્યા ૬ હતી.
સામૂહિક અઠ્ઠમ તપ આરાધના, મહાપૂજન, પૂજાઓ,
સ્નાત્રપૂજા વગેરે અનેક અનુષ્ઠાનોથી તીર્થમાં
આરાધના અને ભક્તિનો માહોલ જન્મ્યો હતો.

**શ્રી કુંભારિયાજી મહાતીર્થની** યાત્રાર્થે ૫ હજાર જેટલા
યાત્રિકો છેલ્લા મહીનાઓ દરમ્યાન પધાર્યા હતા.

## આવનારા પાવનકારી પ્રસંગો

શાશ્વત તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર પાલીતાણા ખાતે
બિરાજમાન પૂજ્ય સર્વ સૂરિ ભગવંતો, પદસ્થ ગુરુભગવંતો,
વિશાળ શ્રમણ શ્રમણી સહિત ચતુર્વિધ શ્રી સંઘની પાવનકારી નિશ્રામાં
વૈશાખ વદ ૬, રવિવાર, ૬-૫-૧૮ના પુણ્ય દિવસે નીચેના
**પાવન પ્રસંગોનું આયોજન કરવામાં આવ્યું છે.**

૧. શ્રી આદીશ્વર ભગવાનના મુખ્ય જિનાલયની
૪૮૭મી સાલગીરી નિમિત્તે શિખર પર ધ્વજારોહણ

૨. શ્રી પુંડરિકસ્વામી જિનાલયના શિખરે સ્વર્ણ કળશ સ્થાપન,
ધ્વજ-દંડ સ્થાપન તથા ધ્વજારોહણ

૩. નવટૂંક સ્થિત શ્રી છીપાવસહી ટૂંકમાં શ્રી નેમિનાથભગવાનના
જિનાલયના ઉંબરાનું સ્થાપન

૪. મોટી ટૂંક સ્થિત શ્રી ચક્રેશ્વરીદેવીની દેરી ઉપર ધ્વજ દંડ સ્થાપન
તથા ધ્વજારોહણ

**સકળ શ્રી સંઘને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.**

**શ્રી રાણકપુરજી મહાતીર્થની યાત્રા માટે છેલ્લા ૨ મહીનામાં**
૧ લાખ જેટલા યાત્રિકો, દર્શનાર્થીઓ પધાર્યા હતા.
૩ પૂજ્ય આચાર્ય ભગવંતો તથા ૭૦થી વધારે પૂજ્ય સાધુ-સાધ્વીજી મ.સા. તીર્થસ્પર્શના કરી હતી. ૧૩ જેટલા સંઘો વાહન વ્યવહાર દ્વારા પધાર્યા હતા.

**શ્રી મૂછાળા મહાવીરજી તીર્થ ખાતે**
૪૫૫૬ જેટલા યાત્રિક ભાઈ-બહેનો દર્શનાર્થે પધાર્યા હતા. ૨૭ જેટલા પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો તથા ૧ પૂજ્ય આચાર્ય ભગવંત તીર્થસ્પર્શના કરવા પધાર્યા હતા. બસો દ્વારા આવેલા સંઘોની સંખ્યા ૧૮ હતી.

## સ્વચ્છ મારો શત્રુંજય

શાશ્વત ગિરિરાજ શત્રુંજયની સેવા-ભક્તિ કરવા માટેનો

**'અપૂર્વ અવસર'**

શેઠ આણંદજી કલ્યાણજી પેઢી આપને આમંત્રિત કરે છે !

**'જેના સહારે ક્રોડ તરિયા**

**મુક્તિ મુજ નિશ્ચય સહી'**

આવા ભાવ સાથે આ ગિરિરાજનું સ્મરણ પણ જન્મજન્માંતરના પાપોને પ્રજાળે છે, નષ્ટ કરે છે. તો પછી સાક્ષાત્ એ પર્વતાધિરાજની વિવિધ પ્રકારે સેવા કરવાનો અવસર મળે તો એ કેવું સદ્ભાગ્ય ગણાય !

## આરાધના અને ઉપાસના

અહોભાવપૂર્વકની ભક્તિ અને સાધનાના અનંતઅનંત પરમાણુઓ જ્યાં ઠાંસીઠાંસીને ભર્યા છે. એવા સિદ્ધગિરિની સ્પર્શના કરવાનો આવો મોકો ક્યાં મળશે ?

## જરા વિચારો

**જિંદગીના વરસો આળ પંપાળમાં વહે છે, જંજાળમાં જાય છે. બિનજરૂરી કર્મબંધ કરીને આત્મા પાપોથી ભારે થાય છે.**

થોડોક સમય કાઢીએ... આ તીર્થાધિરાજની સેવા ભક્તિ કરીને આપણા આત્માને હળવો બનાવીએ ! તીર્થ તો સર્વશ્રેષ્ઠ છે.. પૂજ્ય છે.. આરાધ્ય છે ! આજે તીર્થ વ્યવસ્થાનો સાદ છે ! સમગ્ર જૈન સંઘના શ્રદ્ધાના કેન્દ્ર સમા આ મહાતીર્થના પરમપાવન દેરાસરો, એની પુણ્યમયી ધરતી આ બધાને સાફ-સ્વચ્છ અને સુંદર બનાવવાના સેવાયજ્ઞમાં આપનો નાનકડો સહયોગ આપો !

આ સેવા યજ્ઞમાં શ્રી સંઘના સેવાભાવી સશક્ત યુવા ભાઈઓનો સહકાર અપેક્ષિત છે.

પેઢી દ્વારા પ્રકાશિત વર્તમાનમાં ઉપલબ્ધ સાહિત્યની સૂચિ

| | | |
|---|---|---|
| ૧. | પેઢીનો ઈતિહાસ ભાગ ૧ | રૂ. ૫૦ |
| ૨. | પેઢીનો ઈતિહાસ ભાગ ૨ | રૂ. ૫૦ |
| ૩. | શત્રુંજય ટૂંક (પરિચય પુસ્તિકા) | - |
| ૪. | શત્રુંજય પ્રતિષ્ઠા અહેવાલ | રૂ. ૧૫ |
| ૫. | પાલીતાણા (ફોટોસેટ) | રૂ. ૫૦ |
| ૬. | રાણકપુર (ફોટોસેટ) | રૂ. ૫૦ |
| ૭. | પાણીતાણા, તારંગા, ગિરનાર, રાણકપુર (પોસ્ટર્સ) | રૂ. ૩૦ |
| ૮. | શ્રી રૂષભદેવ ભગવાનના ફોટોસેટ | રૂ. ૩૦ |
| ૯. | ત્રિભુવનતિકશ્રી રાણકપુર તીર્થ | રૂ. ૬૦ |
| ૧૦. | ખંભાતના જિનાલય | રૂ. ૨૦૦ |
| ૧૧. | પાટણના જિનાલય | રૂ. ૨૫૦ |
| ૧૨. | વડોદરાના જિનાલય | રૂ. ૩૦૦ |
| ૧૩. | પાલીતાણા શત્રુંજય (મોટું પોસ્ટર) | રૂ. ૧૦૦ |
| ૧૪. | રાણકપુર તીર્થની (ડી.વી.ડી.) | રૂ. ૨૦૦ |
| ૧૫. | રાણકપુર તીર્થ - (વામા કોમ્યુનીકેશન વાળી નાની બુક) ગુજરાતી, હિન્દી, અંગ્રેજી | રૂ. ૧૦૦ |
| ૧૬. | રાણપુર તીર્થ (વામા કોમ્યુનીકેશન વાળી મોટી બુક) ગુજરાતી, હિન્દી, અંગ્રેજી | રૂ. ૧૮૦૦ |
| ૧૭. | રાણકપુર (સચિત્ર ગાઈડ બુક) હિન્દી, અંગ્રેજી | રૂ. ૩૦ |
| ૧૮. | તારંગાતીર્થ (સચિત્ર ગાઈડ બુક) ગુજરાતી | રૂ. ૩૦ |
| ૧૯. | કુંભારિયાજી તીર્થ (સચિત્ર ગાઈડ બુક) ગુજરાતી | રૂ. ૩૦ |
| ૨૦. | શેરિસા તીર્થ (સચિત્ર ગાઈડ બુક) ગુજરાતી | રૂ. ૩૦ |

## અમદાવાદની અડોઅડ આવેલું સોહામણું તીર્થ શ્રી શેરીસા !

યાત્રા તો તમે અનેકવાર કદાચ કરી હશે ! પણ ઈતિહાસ ખબર છે ? એ તીર્થના સર્જનની પાછળની મજેદાર કહાણી સાંભળી છે ?

એનું આહ્લાદક વાતાવરણ, એ વાતાવરણમાં વહેતી ઉર્જા.... એની વાતો ખબર છે ? નહી ! તો પછી તમે શ્રી શેરીસા તીર્થ (સચિત્ર-રંગીન તીર્થ પરિચાયિકા) પુસ્તક જોયું જ નથી ! આજે જ વસાવી લ્યો

**શ્રી શેરીસા તીર્થ : મૂલ્ય : રૂા. ૩૦/-**

---

## શ્રી તારંગા તીર્થની યાત્રા કરી છે ? કરવી છે ? તો આ પુસ્તક તમારી પાસે જોઈએ જ !

તારંગા તીર્થની જાણકારી હાથવગી બની રહેશે ! એનો ઈતિહાસ.. એના દેરાસરોની માહિતી.... મુખ્ય જિનાલયનો કળા વૈભવ... અન્ય દેરાસરોમાં સચવાયેલો શિલ્પ તથા કળાનો ખજાનો..... આવી તો અનેક વાતો.... અને તીર્થના અનેક બહુરંગી ફોટાઓ સાથે !

**રાજર્ષિ કુમારપાળ વિનિર્મિત શ્રી તારંગા તીર્થ. મૂલ્ય : રૂા. ૩૦/-**

---

## શ્રી કુંભારિયાજી તીર્થની યાત્રા કરી આવ્યા ?

કુંભારિયાજી તીર્થની યાત્રાએ જવાના છો ? એ તીર્થનો મજાનો ઈતિહાસ, અજાણ વાતો, એના પાંચ દેરાસરોનો પરિચય, અજાણ વાતો, એના પાંચ દેરાસરોનો પરિચય, પાંચે દેરાસરોમાં પથરાયેલો શિલ્પ અને સ્થાપત્યનો કળા ખજાનો !

આ બધું જોવા - જાણવા માણવા આ પુસ્તક વસાવી લ્યો !

**પ્રાચીન તીર્થ શ્રી કુંભારિયાજી મૂલ્ય : રૂા. ૩૦/-**

---

સંપર્ક કરો : **શેઠ આણંદજી કલ્યાણજી પેઢી**

શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,

૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭

ફોન : ૨૬૬૪૪૫૦૨ - ૨૬૬૪૫૪૩૦

E-mail : shree_sangh@yahoo.com/info@anandjikalyanjipedhi.org

પેઢી સંચાલિત તીર્થોમાં પણ આ પુસ્તકો મળશે.

# તીર્થ વ્યવસ્થા, સલાહ-સૂચન, દાન, સહયોગ, જીવદયા, પાંજરાપોળ જીર્ણોદ્ધાર વગેરે પ્રવૃત્તિઓ માટે ટ્રસ્ટના સંપર્ક સૂત્રો :

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : ૨૬૬૪૪૫૦૨- ૨૬૬૪૫૪૩૦
સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૩-૩૦ કલાક સુધી (રવિવાર તથા રજાના દિવસો સિવાય)
Telefax : 079 - 2660 8244 E-mail : shree_sangh@yahoo.com

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
પટણીની ખડકી, ઝવેરી ચેમ્બર્સની બાજુમાં, ઝવેરીવાડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.
ફોન : ૦૭૯-૨૫૩૫૬૩૧૯
સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૩-૩૦ કલાક સુધી (રવિવાર તથા રજાના દિવસો સિવાય)

મુંબઈ ઑફિસ
શેઠ આણંદજી કલ્યાણજી
૧૦૦૧, ૧૦મે માળ, મેજેસ્ટીક શોપીંગ સેન્ટર, ૧૧૪, જે.એસ.એસ. રોડ
ગીરગામ ચર્ચ નજીક ગીરગામ, મુંબઈ-૪૦૦૦૦૪. ટે.નં. (૦૨૨)૨૩૮૦૮૦૪૮
(રકમ ભરવાનો સમય) સવારે ૧૧.૦૦ થી ૧.૩૦ બપોરે ૨.૦૦ થી ૬.૦૦

શેઠ આણંદજી કલ્યાણજી C/o. શ્રી કચવનભાઈ હેમેન્દ્રભાઈ સંઘવી
વિશ્રુત જેમ્સ ૭૦૧/૨-એ અમન ચેમ્બર્સ, સાતમે માળ,
૧૧૩ મામા પરમાનંદ માર્ગ, ઓપેરા હાઉસ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ટે. નં : (૦૨૨) ૨૩૬૩૭૨૦૧ સમય : બપોરે ૧૨ થી ૫ (રજાના દિવસો સિવાય)

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
શ્રી રજનીશાંતિ માર્ગ, પાલીતાણા. પીન નં. ૩૬૪૨૭૦
ટેલિ.નં.: ૦૨૮૪૮-૨૫૨૧૪૮, ૨૫૩૬૫૬ ફેક્સ : ૦૨૮૪૮-૨૪૩૩૪૮
સમય : સવારે ૯ થી ૧૨-૩૦, બપોરે ૨-૩૦ થી ૭-૦૦

'શ્રી આણંદજી કલ્યાણજી' ત્રૈમાસિક પત્ર સંબંધી
તમામ પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.
શ્રી આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
E-mail : anandkalyanmagazine@gmail.com

**અને છેલ્લે**

આપને જો આ અંક ગમે .... તો શું ગમ્યું ? કશુંક ના ગમે તો શું ના ગમ્યું ? એ અમને ખુલ્લા દિલે પણ મુલાયમ કલમે જણાવશો તો અમને બહુ જ ગમશે ! પત્રવ્યવહાર માટે ઈ-મેઈલ વધારે ઈચ્છનીય અને આવકારદાયક રહેશે.

E-mail : anandkalyanmagazine@gmail.com



શ્રી નેમિનાથસ્વામિને નમઃ

શ્રી કુંભારિયાજી તીર્થ મધ્યે

## શ્રીમતિ શારદાબેન ઉત્તમલાલ મહેતા

## દ્વારા નવનિર્મિત ભવ્ય સંકુલ

તથા શેઠ શ્રી નરોત્તમભાઈ લાલભાઈ દ્વારા નવનિર્મિત

શ્રાવક-શ્રાવિકા ઉપાશ્રયનું

# શ્રી સંઘ-અર્પણ

વિ.સં.૨૦૭૪, ચૈત્ર વદ-૧, તા.૧-૦૪-૨૦૧૮, રવિવાર

બપોરે ૧૧-૦૦ કલાકે શ્રી સંઘને અર્પણ થશે.

કાર્યક્રમ

સવારે ૯-૦૦ કલાકે શ્રી સ્નાત્રપૂજા

બપોરે ૧૧-૦૦ કલાકે સંકુલનું શ્રી સંઘ - અર્પણ

કાર્યક્રમ પશ્ચાત સંઘભક્તિનો લાભ આપવા વિનંતી છે.

-: સ્થળ :-

શ્રી કુંભારિયાજી તીર્થ

અંબાજી (બનાસકાંઠા)

ફોન : ૦૨૭૪૯ ૨૬૨૧૭૮

અંક-૯

શ્રી શત્રુંજય તીર્થાધિપતિ

શ્રી આદિનાથ દાદાની ૫૦૦મી સાલગીરી

MISSION 500
SUVARNA MAHOTSAV CELEBRATION

સંવત ૨૦૮૭ વૈશાખ વદ-૬
સોમવાર તા.૧૨-૫-૨૦૩૧

BOOK - POST

To,

**શ્રી આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)**
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.
E-mail : anandkalyanmagazine@gmail.com